અપીલ અરજી નં.૧૪૨ તા.૨૦–૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી સંજય રમાશંકર મિશ્રા
સામાવાળાઃ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૧૪–૬–૧૦ ની અરજીથી (૧) સા.ઝોન/ટેક./૧૩૩ તા.૧૦–૩–૧૦ ના રેફરન્સથી અમોને પાઠવેલ પત્ર મુજબ સુડામાંથી કર્મયોગી સોસા. મોજે ગભેણીના મંજુર નકશા/રજાચિઠ્ઠીની નકલ આપના ધ્વારા મેળવવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ આપશો. સુડા ખાતે સદરહુ બાબતની માંગ આપના ધ્વારા કઈ તારીખે કયા પત્ર ક્રમાંકથી કરાયેલ છે તેની વિગત જણાવશો.વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૨/૨૦૧૦–૧૧

શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૧૪–૬–૧૦ ની અરજીથી (૧) સા.ઝોન/ટેક./૧૩૩ તા.૧૦–૩–૧૦ ના રેફરન્સથી અમોને પાઠવેલ પત્ર મુજબ સુડામાંથી કર્મયોગી સોસા. મોજે ગભેણીના મંજુર નકશા/રજાચિઠ્ઠીની નકલ આપના ધ્વારા મેળવવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ આપશો. સુડા ખાતે સદરહુ બાબતની માંગ આપના ધ્વારા કઈ તારીખે કયા પત્ર ક્રમાંકથી કરાયેલ છે તેની વિગત જણાવશો.વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૨ તા.૨૮–૭–૧૦ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને તમારા ધ્વારા અપીલ અરજીમાં "ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે સ્ટેચ્યુટરી નોટીસ સમજવું" તેવું વિધાન કરેલ છે તે આરટીઆઈ કાયદાની કઈ કલમ અને જોગવાઈ હેઠળ કરેલ છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૯૮ તા.૭–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૩૪ તા.૭–૭–૧૦ ના પત્રની નકલ તથા નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૪–૬–૧૦ થી અરજીથી અરજદારે તા.૯–૨–૧૦ ના રોજ આઈ ડી નં.૬૩૬ થી કરેલી અરજીના સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૩૩ તા.૧૦–૩–૧૦ થી આપેલી માહિતીના આપેલ રેફરન્સના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૦–૭–૧૦ ના રોજ નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ નથી જે દર્શાવે છે કે માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયે ગ્રાહક છે અને આ અપીલ અરજીને સ્ટેચ્યુટરી નોટીસ સમજવી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૨ તા.૨૮–૭–૧૦ થી અરજદારને તમારા ધ્વારા અપીલ અરજીમાં "ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે સ્ટેચ્યુટરી નોટીસ સમજવું" તેવું વિધાન કરેલ છે તે આરટીઆઈ કાયદાની કઈ કલમ અને જોગવાઈ હેઠળ કરેલ છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે તેવી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. સરખા પત્રથી જાહેર માહિતી અધિકારીને પૂરક વિગતો મંગાવતા જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક.૩૩૪ તા.૭–૭–૧૦ થી મુદ્દા નં.૩ ની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના મુળ અરજીના મુદ્દા નં.(૧) સા.ઝોન/ટેક./૧૩૩ તા.૧૦–૩–૧૦ ના રેફરન્સથી અમોને પાઠવેલ પત્ર મુજબ સુડામાંથી કર્મયોગી સોસા. મોજે ગભેણીના મંજુર નકશા/રજાચિઠ્ઠીની નકલ આપના ધ્વારા મેળવવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ આપશો. સુડા ખાતે સદરહુ બાબતની માંગ આપના ધ્વારા કઈ તારીખે કયા પત્ર ક્રમાંકથી કરાયેલ છે તેની વિગત જણાવશો. તેવા પ્રશ્ન બાબતે મોજે ગભેણીમાં આવેલ કર્મયોગી સોસા.ના મંજુર નકશા/રજાચિઠ્ઠી નકલ સુડામાંથી અત્રે ઉધનાઝોનને પ્રાપ્ત થયેલ નથી સદર સોસા.ના નકશા/રજાચિઠ્ઠી મેળવવા બાબતે અત્રે ઉધનાઝોનથી લેખિતમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ રેફરન્સમાં જણાવેલ પત્રમાં જણાવેલ વિગત મુજબ સાઉથઝોન ધ્વારા કર્મયોગી સોસા. ગભેણીગામ રોડ ઉન ગામ મોજે ગભેણી રે. સ. નં.૨૪૭/૨ બ્લોક નં.૨૯૩ ખાતે સ્થળ પર બાંધકામ બંધ કરાવેલ હતું જે બાંધકામ ફરીથી ચાલુ કરવાની પરવાનગી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન ધ્વારા કયારે અપાઈ તે પત્રની પ્રમાણિત નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારી અરજીમાં દર્શાવેલ રેફરન્સ પત્રમાં જણાવેલ બાંધકામ અત્રે ઉધનાથી અગાઉ બંધ કરાવ્યા બાદ ફરીથી ચાલુ કરવાની અત્રે ઉધનાઝોનથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદરહુ સ્થળે ચાર માળનું મકાન બંધાય જવા પામ્યું છે જે આપના ધ્વારા દાખવવામાં આવેલ ફરજચૂક છે કે કેમ? તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ સ્થળે ગ્રા.+ ત્રણ માળના બાંધકામને અત્રે ઉધનાઝોનથી બંધ કરાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને અપીલમાં જણાવ્યા મુજબ નિયત સમય મર્યાદામાં કોઈ માહિતી મળેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડેલ જણાય છે. આથી અપીલ અંગે કંઈ કરવાનું રહેતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ  હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૮–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)  એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) … ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંજય રમાશંકર મિશ્રા,